Club Pimble
Fun Unlimited!!
Did You Know?
Polar bears look white due to their fur, but the skin beneath the furs is black.
For more such infotainment, visit www.clubpimble.com now!
A website for 7-12 year old kids.

IITમાં સ્કૂલનાં સાયન્સ ટીચર્સે વેસ્ટમાંથી રમકડાં બનાવ્યા

આઇઆઇટી-જીએનમાં 5-6 ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓની શાળામાંથી ધો.૬થી૮માં વિજ્ઞાનનો અભ્યાસ આપતાં શિક્ષકોને સાયન્સ અને મેથ્સનાં કોન્સેપ્ટ્સ શીખવવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

સિટી રિપોર્ટર @ahm_cb

ગાંધીનગરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં સ્કૂલનાં સાયન્સ ટીચર્સ માટે વર્કશોપનું આયોજન 5-6 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું. જેમાં સાયન્સનાં વિષયને ધ્યનામાં રાખીને નકામી વસ્તુઓમાંથી ટીચર્સે સાયન્સ બેઝ્ડ રમકડાં તૈયાર કર્યાં. અમદાવાદ અને ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાની સ્કૂલ્સનાં 107 શિક્ષકોએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. ટીચર્સે નકામી વસ્તુઓમાંથી રમકડા બનાવીને સાયન્ટિફિક અને મેથમેટિકલ કોન્સેપ્ટ્સ શીખ્યાં.

સર્વ શિક્ષા અભિયાન દ્વારા સ્પોન્સર કરાયેલાં આ વર્કશોપને આઇઆઇટી કાનપુરનાં ભૂતપૂર્વ સ્ટુડન્ટ મનિષ જૈન અને આઇઆઇટી દિલ્હીનાં ભૂતપૂર્વ સ્ટુડન્ટ વિશાલ ભટ્ટે કન્ડક્ટ કર્યો. આ વિશે વાત કરતાં આઇઆઇટી-કાનપુરનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મનિષ જૈને જણાવ્યું કે, આ વર્કશોપ કરવા પાછળનો હેતુ શિક્ષકોને રુટિનમાંથી બહાર નીકળીને સાયન્સનાં કોન્સેપ્ટ્સને પ્રેક્ટિકલી સમઝાવવા માટેનો છે. જેમાં મોટાભાગનાં શિક્ષકોએ ઇલેક્ટ્રો, ન્યૂટનનો લો, મુવમેન્ટ્સ, ફ્રિક્શન્સ, મેગ્નેટિક નેવિગેશન વગેરે કોન્સેપ્ટ્સને સમજીને તેનાં રમકડાં ડિઝાઇન કર્યાં છે. શિક્ષકોની જોબ ચોક અને ડસ્ટરની થઇ ગઇ છે. તેમજ તેમની પાસે સમય પણ હોતો નથી કે તેઓ આ પ્રકારનાં પ્રેક્ટિકલ વર્કશોપ વિદ્યાર્થીઓને લઇને કરે. ત્યારે આ વર્કશોપમાં રમકડાં બનાવતાં શીખીને તેઓ વિદ્યાર્થીઓની સાથે આ વર્કશોપ્સ કરી શકશે.

● આઇઆઇટી ખાતે યોજાયેલાં વર્કશોપમાં 107 શિક્ષકોએ ભાગ લીધો હતો.

તાલીમ સાથે ફનનું તત્વ પણ જરૂરી

વિજ્ઞાન કે ગણિતને ભણવા માટે તેમાં મઝાનું તત્વ ઉમેરવું જરૂરી છે. આ બધાં જ રમકડાંને તૈયાર કરવાનાં બે હેતુ છે કે તેનાંથી અસરકારક શિક્ષણ મળે અને તે સાથે મઝા પણ ઉમેરાય.

● **ડો. શ્રીરામ કાન્વાહ,** આઇઆઇટી ફેકલ્ટી અને વર્કશોપનાં આયોજક